EDII

Gujarat Samachar

January 7, 2017
Page No. 4
Of Gujarat Plus

# જો આપણે હવા, પાણી અને જમીનની કાળજી નહીં રાખીએ તો મોટું નુકશાન થશે

શહેરના સોશ્યલ એન્ટરપ્રિન્યોર અને મોરલફાઈબર ફેબ્રિક્સના સીઈઓ શૈલીની શેઠ અમીને એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈ) ખાતે સસ્ટેનિબિલિટી ઈન ડેવલપમેન્ટ સેક્ટરઃ ફેબ્રિક્સ એન્ડ બિયોન્ડ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. પીજીડીએમ-ડેવલપમેન્ટ સ્ટડિઝ એન્ડ બિઝનેસ એન્ટરપ્રિન્યોરશિપના વિદ્યાર્થીઓ સાતત્યતા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે ટકાઉપણા શબ્દને સ્વ પર્યાપ્તતા, ભવિષ્યમાં તેની જાળવણી અને ઉપલબ્ધ સ્રોતોના યોગ્ય વપરાશ તરીકે વર્ણવ્યો હતો.

વક્તવ્યમાં એવી પણ ચર્ચા થઈ હતી કે, ટેક્સટાઈલ એપરલ ઈન્ડસ્ટ્રીઝ હવે ફેશન ઈન્ટસ્ટ્રીઝ તરીકે ઓળખાય છે અને તેનું મૂલ્ય ત્રણ ટ્રિલિયન ડોલરને સ્પર્શ્યું છે. ભારતમાં ટેક્સટાઈલ સેક્ટર બીજા ક્રમે સૌથી વધુ રોજગારી પૂરી પાડતું સેક્ટર છે. આ પ્રોડક્ટસ યુએસ અને યુરોપના સમૃદ્ધ લોકો ખરીદે છે. જ્યારે કે પ્રોડક્ટસનુ ઉત્પાદન ચીન, ભારત, બાંગ્લાદેશ, વિયેતનામ જેવા વિકાસશીલ અથવા ગરીબ દેશોમાં થાય છે. ચીન બાદ ભારત બીજા ક્રમનું સૌથી મોટુ વસ્ત્રોનું નિકાસકર્તા છે. ફેશનમાં બદલાવ અને ફેશન હાઉસ દ્વારા ગ્લેમરસ માર્કેટિંગને પરિણામે બે દાયકા અગાઉની પરિસ્થિતિની તુલનામાં લોકો ૪૦૦ ટકા વધુ કપાની ખરીદી કરે છે. આપણે જે ઝડપથી કપડાનું ઉત્પાદન કરીએ છીએ. તેનાથી પર્યાવરણ અને લોકોને નુકશાન થઈ રહ્યું છે. સ્ટાર્ટઅપ્સમાં સાતત્યતાના અમલીકરણનો પ્રયાસ કરતી વખતે કરોબારના મુખ્ય હિતધારકોની ઓળક કરવી ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. ક્લાયન્ટ્સ, સપ્લાયર્સ, સરકાર, કમ્યુનિટી લીડર્સ વગેરે જેવા હિતધારકોની ઓળખ કરવી સરળ છે, પરંતુ આપણે પર્યાવરણને પણ હિતધારક તરીકે ધ્યાનમાં લેવું જોઈએ.

